सत्यमेव जयते

**<u>-:નમુનો-અ:-</u>**

**કાલાવડના મહેરબાનશ્રી જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**

**(શ્રી એચ.આર.ખમલ) સાહેબની કોર્ટમાં, મુકામ : કાલાવડ**

**ચુકાદાની તારીખ: ૦૬/૦૫/૨૦૨૬**

**ફોજદારી કેસ નં. : ૫૯૫ /૨૦૨૫**

**ગુનાની વિગત**

| | |
|---|---|
| ગુનાની કલમ | **ધી ગુજરાત પ્રોહીબીશન એકટ,૧૯૪૯ ની કલમ-૬૬(૧)(બી), એમ.વી.એકટ -૧૮૫** |
| પ્રથમ માહીતી અહેવાલ નંબર | ગુ. ર. નં.- ૪૮૩/૨૦૨૪ |
| પોલીસ સ્ટેશન | કાલાવડ ટાઉન પો.સ્ટે. |
| ફરીયાદીપક્ષ | સરકારશ્રી |
| રજુઆત | વિ.એ.પી.પી. શ્રી ડી.ડી.કારીયા |
| આરોપીપક્ષ | **રાજેશભાઈ જેરામભાઈ ઠુમર**<br>ઉ.વ.૩૭, ધંધો-મજુરી<br>રહે-માખાકરોડ ગામ, તા. કાલાવડ.જી. જામનગર |
| રજુઆત | આરોપી તરફે વિ.વકીલશ્રી જી.એમ.નશીત |

**<u>-:નમૂનો-બ:-</u>**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૦૨/૦૯/૨૦૨૪ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૦૨/૦૯/૨૦૨૪ |
| આખરી અહેવાલની તારીખ | ૦૭/૦૫/૨૦૨૫ |
| તહોમતનામાની તારીખ | ૦૯/૦૭/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૪/૦૯/૨૦૨૫ |

| | |
|---|---|
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૬/૦૫/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૬/૦૫/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | – |

**::આરોપીની વિગત::**

| આરોપી નો અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયું /સજા કરી | કરવા માં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયત નો સમય ગાળો ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૪૨૮ મુજબ. |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧. | રાજેશભાઈ જેરામભાઈ ઠુમર | ૦૨/૦૯/૨૦૨૪ | ૦૨/૦૯/૨૦૨૪ | ધી ગુજરાત પ્રોહીબીશન એકટ ,૧૯૪૯ ની કલમ –૬૬(૧)(બી) તથા એમ.વી. એકટ–૧૮૫ | નિર્દોષ છોડયા | | |

**::નમૂનો ક::**

**ફરિયાદી / બચાવ / ન્યાયાલય ના સાક્ષીની યાદી**

**અ. ફરિયાદ પક્ષ**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.સા. ૧ | હાર્દીકપરી નારણપરી ગોસાઈ | ફરીયાદી |

| | | |
|---|---|---|
| ફ.સા. ૨ | અમજદખાન જુસબખાન પઠાણ | પંચ સાહેદ |
| ફ.સા. ૩ | વનરાજભાઈ ધનજીભાઈ ઝાપડીયા | ત.ક.અ |

## ફરીયાદી / બચાવ / ન્યાયાલય ના આંકની યાદી

**<u>અ. ફરિયાદ પક્ષ</u>**

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૪ | ફરીયાદી હાર્દીકપરી નારણપરી ગોસાઈની જુબાની |
| ૨ | ૫ | ફરીયાદ |
| ૩ | ૬ | પંચસાહેદ અમજદખાન જુસબખાન પઠાણની જુબાની |
| ૪ | ૭ | પંચનામુ |
| ૫ | ૮ | ત.ક.અ.વનરાજભાઈ ધનજીભાઈ ઝાપડીયાની જુબાની |

**<u>::–ચુકાદો–::</u>**

(૧) **<u>કેસની ટૂંકી હકીકત</u>** :–

ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત જોઈએ તો, તા. ૦૨–૦૯–૨૦૨૪ ના રોજ ક. ૨૧:૧૫ ના રોજ કાલાવડ પી.ડબલ્યુ સર્કલ પાસે રોડ આ કામના આરોપીએ ગે.કા પાસ પરમીટ વગર કેફી પીણુ પી પોતાની હવાલા વાળી અલ્ટો કાર રજી નં. જીજે ૦૩ સીઆર ૯૬૩૨ નુ સર્પકાર ચલાવી નીકળતા પકડાઈ જઈ, સદર આરોપીએ ગુન્હો કરેલ હોય, જેથી ફરિયાદીએ સદર બનાવ અંગે ફરીયાદ આપેલ. જેના અનુસંધાને ગુન્હો રજીસ્ટર થયેલ અને તપાસના અંતે તપાસ કરનાર અમલદાર ધ્વારા હાલના આરોપી વિરૂધ્ધ ઉપરોકત નંબરથી અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે.

(૨) **<u>ન્યાયિક કાર્યવાહી</u>** :–

આરોપી સામે ચાર્જશીટ રજૂ થતાં આરોપી સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, આરોપીને સમન્સ/વોરંટ ધોરણસર બજી જતાં જેનાં અનુસંધાને આરોપી અત્રેની અદાલતમાં ઉપસ્થિત થયેલ. ત્યારબાદ આરોપીને બી.એન.એસ.એસની કલમ–૨૩૦ મુજબ ચાર્જશીટ

તથા તમામ પોલીસ પેપર્સની નકલો મળી ગયેલ હોવાની ખાત્રી કર્યા બાદ આંક–૦૩ થી ગુન્હા અંગે સમજ આપી પ્લી/નિવેદન લેવામાં આવતાં આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરેલ. ત્યારબાદ ફરિયાદ પક્ષનો પુરાવો લેવામાં આવેલ.

(૩) ત્યારબાદ ફરીયાદ પક્ષે મૌખિક રીતે પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. ફરિયાદ પક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ કામે આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવતા, આરોપીએ ફરિયાદ પક્ષનો પુરાવો તેઓની રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. જયારે બાકીના પૂછવામાં આવેલ પ્રશ્નોનો ઈન્કારીયતભર્યો જવાબ આપી, જાતે સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં રજૂઆત કરેલ છે કે તેઓ નિર્દોષ છે, તેમના પર ખોટો કેસ કરેલ છે, તેઓને ખોટી રીતે ગુનાના કામે સંડોવી દીધેલ છે. નિર્દોષ છોડી મુકવા રજૂઆત છે.

(૪) ત્યારબાદ ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો સાંભળી તથા આરોપી તરફે વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.

**–::મુદાઓ::–**

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, ૦૨–૦૯–૨૦૨૪ ના રોજ ક. ૨૧:૧૫ ના રોજ કાલાવડ પી.ડબલ્યુ સર્કલ પાસે રોડ આ કામના આરોપીએ ગે.કા પાસ પરમીટ વગર કેફી પીણુ પી પોતાની હવાલા વાળી અલ્ટો કાર રજી નં. જીજે ૦૩ સીઆર ૯૬૩૨ નુ સર્પકાર ચલાવી નીકળતા પકડાઈ જઈ, ધી ગુજરાત પ્ર ોહીબીશન એકટ,૧૯૪૯ ની કલમ–૬૬(૧)(બી),એમ.વી.એકટ –૧૮૫ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે? |
| (૨) | શું હુકમ? |

(૫) ઉપરોકત મુદાઓના પરત્વે મારા નિર્ણયો નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | **નકારમાં.** |
| (૨) | આખરી હુકમ મુજબ |

**–::કારણો::–**

**<u>મુદા નંબર :– ૧</u>**

**(૬.૧)** ફરિયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતા, ફરિયાદપક્ષે આંક–૦૬ થી પંચસાહેદ અમજદખાન જુસબખાન પઠાણને તપાસવામાં આવેલા છે. તેઓ બંનેનાઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૦૭ વાળા પંચનામામાં માત્ર પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે, તે સિવાય પંચનામાની અન્ય કોઈ વિગતને સમર્થન આપેલ નથી. જેથી આંક–૦૭ વાળુ પંચનામું પંચોની જુબાનીથી પુરવાર થતુ નથી.

**(૬.૨)** ત્યારબાદ, ફરિયાદપક્ષે આંક–૦૪ થી ફરિયાદી હાર્દીકપરી નારણપરી ગોસાઈ ને તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ગઈ તા.૦૨.૦૯.૨૦૨૪ ના રોજ અમો પો.કો. તરીકે કાલાવડ ટાઉન પો.સ્ટે.માં ફરજ ઉપર હતા ત્યારે કલાક ૨૦.૦૦ વાગ્યા અમારા પો.સ્ટે.ના સ્ટાફના માણસો સાથે પો.સ્ટે.ના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમિયાન પી.ડબ્લ્યુ ડી સર્કલ વાહન ચેંકીગ મા હો તે દરમ્યાન એક કાર ચાલક પોતાની કાર સર્પાકારે ચલાવી આવતા તુરત જ તેને રોકી, બે રાહદારી પંચોને રોકી પંચો રૂબરૂ નામ પુછતા તેને પોતાનુ નામ રાજેશભાઈ જેરામભાઈ હુમ્મર રહે માખા કરોડ ગામ તા.કાલાવડવાળો હોવાનુ થોથરાતી જીભે જણાવેલ અને તેનુ મોઢુ સુંઘી, સુંઘાડી ખાતરી કરતા કેફી પીણુ પીધેલ હોય, તેની આંખો લાલ નશાથી ઘેરાયેલી હોય અને તેને હલાવી–ચલાવી જોતા શરીર સ્થિતિનું સમતોલ પણ જાળવી શકતો ન હોય તેથી તેની પાસે પાસ–પરમીટ માંગતા નહી હોવાનુ જણાવેલ જેથી તેના કબજાનુ કાર અલ્ટો ના જેના રજી. નં. જીજે ૦૩ સી.આર ૯૬૩૨ , આરોપીને અટક કરી આરોપી વિરૂધ્ધ અમોએ ફરીયાદ આપેલ ફરીયાદ આંક– ૦૫ થી રજુ છે.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ વાત કબુલ કરે છે કે, પેટ્રોલીંગ દરમ્યાન લોગબુક, સ્ટેશન ડાયરી નીભાવવામા આવતી હોય છે, અમો વાહન ચેકીગ ગયેલ તેની નોંધ કયાંય કરેલ નથી, અમે બનાવ ના દિવસે અમો વાહન ચેકીગ મા હોવા અં ગેનો આધાર ત.ક.અ. ધ્વારા માંગેલ નથી કે અમોએ આપેલ નથી, બનાવવાળી જગ્યા જાહેર રસ્તો છે અને ત્યાં માણસોની તથા વાહનોની અવર–જવર રહેતી હોય છે, આ કામમાં આરોપીને ચેકીંગ દરમિયાન આલ્કોહોલ પીધેલ છે કે કેમ તે અંગે સ્થળ ઉપર બ્રેથ

એનાલાઈઝરથી ચેક કરેલ નથી, અમારી ફરીયાદમાં પંચોના નામ સરનામા લખેલ નથી.

એ વાતનો ઈનકાર કરે છે કે, આ કામે પંચો રુબરુ મુદદામાલ મળી આવેલ નથી, કામગીરી બતાવવા ખોટી ફરીયાદ આપેલ છે, સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

(૬.૩) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૮ થી સાહેદ સદર ગુનાની તપાસ કરનાર અમલદાર વનરાજભાઈ ધનજીભાઈ ઝાપડીયાને તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ગઈ તા.ર/૯/ર૪ ના રોજ અમો પો.હેડ.કોન્સ તરીકે કાલવડ ટાઉન પો.સ્ટે.માં ફરજ પર હતા ત્યારે આ કામના ફરીયાદી પો.કોન્સ.એચ.એન.ગોસાઈ નાઓએ રાજેશભાઈ જેરામભાઈ ઠુમ્મરઓ વિરૂધ્ધ પ્રોહી કલમ – ૬૬–૧–બી, એમ.વી.એકટ કલમ ૧૮૫ મુજબની ફરીયાદ રજુ કરતા તે સંબંધે અમારા પો.સ્ટે.ના પી.એસ.ઓ.એ ગુન્હો દાખલ કરી ગુ.ર.નં.૪૮૩/ર૪ ના કામે ગુન્હો દાખલ કરી આ કામની તપાસ અમોને સોંપતા અમોએ તપાસ સંભાળી લઈ આ કામે અટક કરી મુદત હરોળમાં કબુલાત તથા જામીન અંગેની કામગીરી કરેલી. ત્યારબાદ રેડીંગ પાર્ટીના સભ્યોના નિવેદન લઈ તપાસ થવા તજવીજ કરી, આરોપીને કાલાવડ સી.એસ.સી ખાતે લોહીમા આલ્કોહોલની માત્રા છે કે કેમ તેનુ પૃથ્થકરણ કરવા સારુ એફ.એસ.એલ મોકલાવાનુ હોય જેના માટે ફરજ પરના હાજર મેડીકલ ઓફીસર દવારા લોહીનો નમુનો લેવડાવેલો. અંગેનુ સર્ટી ફીકેટ આજદીન સુધી આવેલ ન હોય જે આવ્યે થી રજુ રાખીશુ. તેમજ હાલના આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા તેઓએ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલુ.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ વાત કબુલ કરે છે કે, પેટ્રોલીંગ દરમ્યાન લોગબુક નીભાવવામા આવતી હોય છે, અમે કોઈ જગ્યાએ પેટ્રોલીંગમાં જઈએ તેની નોંધ કયાંય કરેલ નથી, અમોએ આ કામે પેટ્રોલીંગ અંગેનો આધાર આ કામે તપાસમાં રજુ રાખેલ નથીએ વાત ખરી છે કે બનાવાળી જગ્યા જાહેર વિસ્તાર છે અને ત્યાં માણસો તથા વાહનોની સતત અવર જવર ચાલુ હોય છે, આજુબાજુ રહેણાંક વિસ્તાર ના માણસોના નીવેદન લીધેલ નથી, ફરીયાદમાં પંચોના નામ સરનામા જણાવેલ નથી, અમોએ તપાસના કામે પોલીસ સિવાય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધેલ નથી.

એ વાતનો ઈન્કાર કરે છે કે, હાલના કામના આરોપી સદર ગુનામા સંડોવાયેલ ન હોવા છતા સારી કામગીરી બતાવવા ખોટુ ચાર્જશીટ કરેલ છે, ફરીયાદીની ફરીયાદ સંબંધે તેને સમર્થન આપવા ખોટુ ચાર્જશીટ કરેલ છે.

(૭) આમ, રજુ થયેલ દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવો ધ્યાને લીધો. બંન્ને પક્ષની દલીલ સાંભળી. આ કામે ફરીયાદ પક્ષે જે સાહેદોને તપાસેલ છે તે પૈકી પંચ સાહેદ છે. તેઓએ તેમના પુરાવામાં પંચનામાની હકીકતોને સમર્થન આપતો પુરાવો આપેલ ન હોય અને આરોપી દારુ પીધેલી હાલતમાં સર્પાકારે પોતાનુ મો.કાર અલ્ટો ચલાવી મળી આવતાં, પંચનામાની વિગતે અટક કરેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી. આ કામે ફરીયાદ પક્ષે આંક–૦૪ ના ફરીયાદી હાર્દીકપરી નારણપરી ગોસાઈ ને તપાસવામાં આવેલ છે અને આંક–૦૫ થી ફરીયાદ રજુ કરેલ છે તથા ત.ક.અ વનરાજભાઈ ઘનજીભાઈ ઝાપડીયાને તપાસેલ છે આ કામે ઉપરોકત ફરીયાદી, તપાસ કરનાર અમલ, પોતાના કેસને સમર્થન આપતો પુરાવો આપે તે માની શકાય તેમ છે. પરંતુ તેમના પુરાવાને સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન મળવું જરુરી છે. આ કામે બનાવવાળી જગ્યા જાહેર છે અને માણસોની અવરજવર રહે છે. તેમ છતાં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી ત્યારે આ કામે કોઈ સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં, સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોધવામાં આવેલ નથી, જેથી સ્વતંત્ર સાહેદોના પુરાવાના અભાવે, ફરીયાદી,સાહેદ અને તપાસ કરનાર અધિકારી તથા પોલીસ સાહેદોના પુરાવાને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૬ મુજબ ગ્રાહય રાખી શકાય નહી. વધુમાં, ફરીયાદ પક્ષે આ કામે કોઈ તબીબી સાહેદ ને તપાસેલ નથી. વધુમાં, તપાસ કરનાર અમલદાર ધ્વારા તેઓની સરતપાસ માં જણાવવામાં આવેલ છે કે તેઓએ આરોપી નું લીધેલ બ્લડ સેમ્પલ નું પૃથ્થકરણ અંગેનું ફોર્મ –સી પ્રમાણપત્ર આજદીન સુધી આવેલ નથી કે તેઓને મળેલ નથી. આમ, ફોર્મ સી માં આરોપી દવારા કેહવાતા લેવામાં આવેલ આલ્કોહોલની માત્રા જણાવવામાં આવે છે તેની માત્રા કેટલી છે તે જાણ્યા વગર આરોપી આલ્કોહોલની અસર તળે હતો કે કેમ તે કહી શકાય નહી.

(૮) આમ, રજુ થયેલ ફરીયાદ પક્ષનો પુરાવો તથા નામ. ગુજરાત હાઈકોર્ટના ચૂકાદા ધ્યાનમાં લેવામાં આવે તો ધી બોમ્બે પ્રોહી. મેડીકલ એકઝામીશન એન્ડ બ્લડ ટેસ્ટ રુલ્સ–૪

નું પાલન કરવું ફરજીયાત છે. આ કામે તપાસ કરનાર અધિકારી ધ્વારા પણ તેમની તપાસ દરમ્યાન ફોર્મ–સી મેળવીને રજુ કરેલ નથી કે ચાર્જશીટની સાથે પણ રજુ રાખેલ નથી. આમ, આ હકીકત ધ્યાને લેતાં તપાસ કરનાર અધિકારી દરમ્યાન આરોપીને તપાસ કરેલી તે અંગેનું ફોર્મ–એ તથા બ્લડ નમુનો એફ.એસ.એલ.ને મોકલેલ હોય તે અંગેનું ફોર્મ–બી તેમજ એફ.એસ.એલ.નું ફોર્મ–સી કે જેમાં આરોપીના લોહીમાં આલ્કોહોલ હતુ? હતુ તો કેટલા પ્ર માણમાં આલ્કોહોલ આવેલ છે તે નકકી થતુ હોય છે તે ફરીયાદ પક્ષના પુરાવા દરમ્યાન રજુ થયેલ ન હોય, ફોર્મ–સી ના અભાવે આરોપીના બ્લડમાં આલ્કોહોલનું પ્રમાણ હતુ અને હતુ તો કેટલા પ્રમાણમાં આલ્કોહોલ હતું તે નકકી થઈ શકતું નથી. વધુમાં આરોપીના શરીરમાં લોહીમાં આલ્કોહોલની હાજરી હતી અને કેટલા માત્રામાં હતી તે ફકત અને ફકત ફોર્મ–સી કે જે એફ.એસ.એલ. ગાંધીનગરથી પૃથ્થકરણ થઈ આવ્યેથી જાણી શકાય છે તે ફોર્મ–સી હાલના કેસમાં રજુ નથી, જેથી આરોપીએ આલ્કોહોલ લીધેલ હતો અને તેના લોહીમાં ૦.૫ કરતાં વધુ આલ્કોહોલની હાજરી મળી આવેલ હતી તે ફોર્મ–સી.ના અભાવમાં પુરવાર થતુ નથી.

આમ, ઉપરોકત નામ. હાઈકોર્ટના ચૂકાદાના સિધ્ધાતોને ધ્યાને લેતાં ધી બોમ્બે પ્રોહી. ( મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ) રુલ–જની આદેશાત્મક જોગવાઈઓનો ભંગ થતા હોય, તેમજ એફ.એસ.એલ.નું ફોર્મ–સી રજુ થતું ન હોય ત્યારે આરોપીના બ્લડમાં આલ્કોહોલનું પ્રમાણ કેટલું હતુ તે નકકી થતું ન હોય ત્યારે આરોપીને સજા કરી શકાય નહી. વધુમાં આ કામે પંચનામાની હકીકત પુરવાર થયેલ ન હોય, માત્ર પોલીસ સાહેદોના પુરાવા પર આધાર રાખી આરોપી કેફી પીણું પીધેલ હાલતમાં પોતાની અલ્ટો કાર ચલાવીને પકડાઈ ગયેલાનું માનીને એમ.વી.એકટની કલમ–૧૮૫ અન્વયે તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ, સમગ્ર સંજોગોમાં આરોપી વિરુધ્ધનો કેસ ફરીયાદ પક્ષ નિ:શકંપણે પુરવાર કરવામાં સફળ રહેલ ન હોય, અને મેડીકલ એકઝા. ઓફ બ્લડ રુલ્સના નિયમોના ભંગ થયેલ હોય અને પંચસાહેદોનું પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન મળેલ ન હોય તે સંજોગોમાં આરોપી ગે.કા. સર્પાકારે વગર પાસ પરમીટે કેફી પદાર્થ પી પોતાની ફોર વ્હીલર અલ્ટો કાર ચલાવી નિકળેલ હોવાનું વ્યાજબી શંકાથી પર

પુરવાર થતું ન હોય, સદરહું ગુનાના કામે આરોપીને સજા કરી શકાય નહી. આમ, સમગ્ર સંજોગોમાં આરોપી વિરુધ્ધનો કેસ ફરીયાદ પક્ષ શંકાથી પર પુરવાર કરવામાં સફળ રહેલ ન હોય, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

૧. આ કામના આરોપીને એમ.વી.એકટની કલમ–૧૮૫ તથા પ્રોહી એકટની કલમ–૬૬(૧)બી મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી બી.એન.એસ.એસ,૨૦૨૩ ની કલમ ૨૭૮(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપી એ અગાઉ રજુ કરેલ જામનીખત તથા જાત મુચરકા છ માસ પુરતા ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ: ૦૬ઠી, માહે: મે, સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૦૬/૦૫/૨૦૨૬**
**કાલાવડ**

**( હર્ષદ રાજાભાઈ ખમલ )**
**જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**કાલાવડ.**
**(જજ કોડ નંબર – GJ01749)**